# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-10-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે રાજ્ય સહિત દેશભરમાં શ્રદ્ધાંજલી કાર્યક્રમો યોજાયા
2. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ પોરબંદરમાં મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવસારી અને છોટાઉદેપુર માટે વિવિધ વિકાસકાર્યોની ભેટ આપી....
4. આવતીકાલથી શારદીય નવરાત્રીનો પ્રારંભ - કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે વાઇબ્રન્ટ નવરાત્રી મહોત્સવ – 2024ને ખુલ્લું મુકશે.
5. ઉઝબેકિસ્તાનના તાસ્કંદમાં યોજાયેલી બૉક્સિંગ ચેમ્પિયનશીપમાં વડોદરાના ચાર ખેલાડીઓએ રજત અને કાંસ્ય ચંદ્રક જીતીને રાજ્યને ગૌરવ અપાવ્યું

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM IN PORBANDAR

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મહાત્મા ગાંધીની જન્મ જયંતિ પ્રસંગે પોરબંદરના કીર્તિ મંદિર ખાતે મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું કે મહાત્મા ગાંધીના અંત્યોદયથી સર્વોદયના વિચારોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આત્મસાત કરીને 2047માં વિકસીત ભારતના સંકલ્પ સાથે વિકાસયાત્રાને આગળ ધપાવી છે. વધુમાં તેમણે ઉમેર્યું કે સ્વચ્છ ભારત મિશન દેશમાં ઘર ઘર પહોચ્યું છે અને સ્વચ્છતા એ આપણો સ્વભાવ બને તે માટે પ્રેરણા બની છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ પણ મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરતા સ્વચ્છતાના શપથ લીધા હતા. ડૉ. માંડવિયાએ કહ્યું કે રાજ્યશાસન પરિવર્તન માટે અહિંસા એક માર્ગ હોઈ શકે તેવો માર્ગ મહાત્મા ગાંધીએ વિશ્વને ચીંધ્યો હતો. વધુમાં તેમણે ઉમેર્યું કે બાપુના દર્શન અહિંસા, સ્વચ્છતા, બુનિયાદી શિક્ષણ, અર્થવ્યવસ્થા તેમજ અંત્યોદય તથા સમાજ કેવો હોવો જોઈએ, તે વિચારોને અમલમાં મૂકી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદ દેશને વિકસીત ભારત બનાવવા પ્રયાસ કરી રહ્યા છે.

આજે 155માં ગાંધી જયંતિ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ડૉ. મનસુખ માંડવિયાએ પોરબંદરના કીર્તિ મંદિર ખાતે સવારે પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહ્યા હતા. જે બાદ તેમણે સુદામાં ચોક ખાતે શ્રમદાન કર્યું અને બાદમાં બિરલા હોલ ખાતે આયોજીત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંત્રીઓ, ધારાસભ્ય સહિત વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# SWATCHATA OVER ALL – DISTRICT -1

કેન્દ્રીયમંત્રી નિમુ બહેન બાંભણિયાએ ભાવનગર સ્થિત ક્રેસટ સર્કલ ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી. આ પ્રસંગે તેમણે શ્રમ દાન કર્યું તેમજ લોકોને સ્થાનિક દુકાનોમાંથી વધુમાં વધુ ખાદીની ખરીદી કરવા અપલી કરી હતી.

કૃષિમંત્રી રાઘવજી પટેલ, સાંસદ પુરુષોત્તમ રુપાલા, મેયર નયના બહેન પેઢડિયા સહિતના આગેવાનોએ રાજકોટના જ્યૂબિલી ચોક ખાતે મહાત્માગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. જે બાદ તેઓ મહાત્મા ગાંધી મ્યુઝિયમ સુધી પદયાત્રા કરી સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.

તાપીમાં રાજ્યકક્ષાના મંત્રી કુંવરજી હળપતિ સહિત વ્યારા, નિઝર બેઠકના ધારાસભ્યો સહિતના આગેવાનોની હાજરીમાં સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત ઉપસ્થિત આગેવાનોએ 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરી, બસ સ્ટેશનના પ્રાંગણમાં સફાઈ કરી હતી.

શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડીંડોરે મહિસાગર જિલ્લાના લુણાવાડા ખાતે સ્વચ્છ ભારત દિવસ ઉજવણી પ્રસંગે ભાગ લીધો હતો. આ પ્રસંગે તેમણે શ્રમદાન કરી સ્થાનિક લોકો તેમજ દુકાનદારોને સ્વચ્છતા રાખવા અપીલ કરી હતી.

સુરેન્દ્રનગરના અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે જિલ્લામાં ગાંધી જયંતિ પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ ખાતે બીચ સાફાઈ અભિયાન હાથ ધરાયું હતું. પ્રશાસક પ્રફુલભાઈ પટેલના વડપણમાં સરકારી કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ શ્રમદાન કર્યું હતું.

પાટણમાં લોકસભાના સાંસદ ભરતસિંહ ડાભીએ મહાત્મા ગાંધીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. જે બાદ તેમણે જનતા હૉસ્પિટલ વિસ્તારમાં શ્રમદાન કર્યું હતું.

અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે મહેસાણા ખાતે કેબિનેટમંત્રી ભાનુબેન બાબરીયાના અધ્યક્ષ સ્થાને સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભાનુબહેન બાબરિયા અને સાંસદ હરિભાઈ પટેલે શ્રમદાન કર્યું હતું.

આ તરફ દાહોદના અમારા પ્રતિનિધિ પ્રેમ કડિયા જણાવે છે કે દાહોદમાં પંચાયત અને કૃષિમંત્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષ સ્થાને સાંસદ જસવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં સ્વચ્થ ભારત દિવસની ઉજવણી કરાઈ. જે અંતર્ગત TDO અને સફાઈ કર્મીઓ ને સારી કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. જે બાદ ઉપસ્થિત મહેમાનોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

અમારા પ્રતિનિધિ ભારતી ભટ્ટ જણાવે છે કે દીવના કોર્ટ દ્વારા આજે સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરતા સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. જે અતર્ગત દીવ સિવિલ જજ અમિત કોકાટેના માર્ગદર્શનમાં કોર્ટ પરિસરમાં સફાઈ કરવામાં આવી.

ડાંગના અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે ડાંગમાં ઠેર ઠેર વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. મુખ્ય મથક આહવા ખાતે શાળાના વિદ્યાર્થીઓએ પ્રભાત ફેરીનું આયોજન કર્યું, અને બાદમાં ગાંધી ઉદ્યાન ખાતે બાપુની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

...3...

...3... SWATCHATA OVER ALL – DISTRICT -3

ગાંધી જયંતિ પ્રસંગે મોરારીબાપુએ બાર્બેલા સ્પેનમાં રામકથામાં વ્યાસપીઠ પરથી સંદેશો આપતાં જણાવ્યું કે, ગાંધી જયંતિ પ્રસંગે આપણાં રાષ્ટ્રમાં સ્વચ્છતાનું પ્રેરક કાર્ય થઈ રહ્યું છે, આ કાર્ય સાથે 'રાજનીતિ' નહિ, પણ 'રાષ્ટ્ર પ્રીતિ' પર ભાર મૂક્યો છે.

પાલનપુર ખાતે સ્વચ્છતા હી સેવાની ઉજવણી અંતર્ગત શોર્ટ ફિલ્મનું નિદર્શન, એવોર્ડ વિતરણ કાર્યક્રમ, સફાઈ મિત્ર સુરક્ષા શિબિર જેવા કાર્યક્રમો યોજાયા. આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ કામગીરી માટે એવોર્ડ, CTU ટ્રાન્સફોર્મેશન એવોર્ડ, સ્વચ્છતા અંગે શપથ સહિત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. શહેરની જેમ ગામડાઓમાં પણ ડોર ટુ ડોર કચરાના કલેક્શન માટે ઇ-રિક્ષાઓને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી.

વન અને પર્યાવરણ મંત્રી મુળુ બેરાએ ખેડા જિલ્લામાં બીએપીએસ મંદિર, કેશવ કથા કુંજ, યોગી ફાર્મ નડિયાદ ખાતે ‘સ્વચ્છ ભારત દિવસ’ની ઉજવણી  કાર્યક્રમમાં જોડાયા.

રાજપીપળા ખાતે ધારાસભ્ય દર્શનાબેન દેશમુખના અધ્યક્ષસ્થાને સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં તેમણે કહ્યું કે સ્વચ્છ અને હરિયાળા ગામડાઓમાં પ્રવાસનને વેગ આપવા, રોજગારીની નવી તકોનું સર્જન કરવા સહિત નવા રાષ્ટ્રના નિર્માણ માટે સ્વચ્છતા મહત્વનો ભાગ ભજવે છે.

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે સ્વચ્છ ભારત દિવસની ઉજવણી અંતર્ગત મહાશ્રમદાન કાર્યક્રમ યોજાયો. જિલ્લાના અધિકારીઓ-પદાધિકારીઓએ ગોધરા તાલુકા પંચાયત પાસેના કોર્ટ રોડ પર સાફ સફાઈ કરી શ્રમદાન કર્યું.

ભરૂચ જિલ્લામાં સ્વચ્છતા પખવાડાના ભાગરૂપે જન શિક્ષણ સંસ્થાન દ્વારા "મેગા સ્વચ્છતા" ડ્રાઇવનું આયોજન કરાયું.

-------------------

# GANDHINAGAR- SWACHHTA ABHIYAN

ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ ખાતે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ અને સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માના વડપણમાં સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે અરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે સ્વચ્છતા માટે માત્ર સરકારની જ નહીં પરંતુ જનતાની પણ ભાગીદારી હોવી જોઈએ.

(બાઇટ- ઋષિકેશ પટેલ, આરોગ્યમંત્રી)

તો ગાંધીનગર સેક્ટર 22ના પંચદેવ મંદિર ખાતે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. આ પ્રસંગે તેમણે જાહેર સ્થળોએ ગંદકી ન કરવાની અપીલ કરી હતી.

(BYTE - હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

. . . . . . . . . . . . .

## GOVERNOR-GANDHI JAYANTI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીજયંતી નિમિત્તે ગુજરાત વિદ્યાપીઠ પરિસરની સ્વચ્છતા માટે પ્રદૂષણ રહિત પર્યાવરણને અનુકૂળ બેટરી ઓપરેટેડ કાર્ટનું લોકાર્પણ કર્યું. તેમની સાથે પૂર્વ શિક્ષણમંત્રી તથા વિદ્યાપીઠના ટ્રસ્ટીશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠમાં ગાંધી પ્રિય ભજનોનો કાર્યક્રમ યોજાયો હતો. અને પ્રાણજીવન વિદ્યાર્થી ભવનમાં મહાત્મા ગાંધીને વિશ્વભરમાંથી મળેલા

26 જેટલા માનપત્રો અને પ્રશસ્તિ પત્રોનું પ્રદર્શન તૈયાર કરવામાં આવ્યું છે. રાજ્યપાલે જણાવ્યું કે માનવતા અને વિશ્વ કલ્યાણ માટે 'સત્ય' અને 'અહિંસા'નું પૂજ્ય બાપુનું આહ્વાન વિશ્વને સુખના માર્ગે લઈ જશે. વિદ્યાપીઠના 1800 વિદ્યાર્થીઓ 21 થી 26 ઑક્ટોબર દરમિયાન 18,000 ગામોમાં પ્રાકૃતિક ખેતી મહાઅભિયાન સાથે ગાંધી ગ્રામજીવન પદયાત્રા કરશે.

----------

## PM - VIKAS KARYO NI BHET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વચ્છ ભારત દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી અંતર્ગત વર્ચ્યુઅલ માધ્યમથી નવસારી-વિજલપોર નગરપાલિકાને ૩૨૧ કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોની ભેટ આપી.

જેમાં અમૃત યોજના હેઠળ પાણી પુરવઠા યોજનાના ૧૩૭ કરોડ ૮૫ લાખના કાર્યો અને ભૂગર્ભ ગટર યોજનાના ૧૨૭ કરોડ ૧૪ લાખના કાર્યોના ખાતમુહૂર્ત તેમજ લગભગ 60 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના લોકાર્પણનો સમાવેશ થાય છે.

નવસારીના ધારાસભ્ય રાકેશ દેસાઈએ નવસારીવાસીઓને કરોડો રૂપિયાના વિકાસ પ્રકલ્પોની ભેટ મળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

પ્રધાનમંત્રીએ છોટાઉદેપુર જિલ્લાના આમસોંટા ગામ માટે 32 કરોડ 40 લાખ રૂપિયાના ખર્ચે  તૈયાર થનાર એકલવ્ય મોડેલ નિવાસી શાળાનું વર્ચ્યુઅલી ખાતમહૂર્ત કર્યું હતું. ગાંધી જયંતિ પ્રસંગે યોજાયેલ આ કાર્યક્રમમાં સાંસદ જશુભાઈ રાઠવા સહિતના આગેવાનોએ ઉપસ્થિત રહી ભૂમિ પૂજન કર્યું છે.

-----------------------------------

## AMIT SHAH NAVRATRI

માં અંબાની ભક્તિ, શક્તિના પર્વ શારદીય નવરાત્રીનો આવતીકાલથી હર્ષોલ્લાસ સાથે પ્રારંભ થઇ રહ્યો છે. ભક્તો માતાનાં ગરબાને રંગાવીને ઘરે સ્થાપન કરશે. તો કેટલાક લોકો ઉપવાસ, અનુષ્ઠાન, વ્રત અને તેલા કરીને માતાજીને રીઝવશે. નવ યુવાનો નવે નવ દિવસ શણગાર સજીને ગરબે ઘૂમશે... અને હિલોળે ચડશે. સમગ્ર રાજ્યમાં નવરાત્રીના ગરબા માટે વિવિધ આયોજનો થયાં છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલે અમદાવાદના GMDC મેદાન ખાતે વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ 2024નું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, પ્રવાસનમંત્રી મુળુ બેરા તેમજ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે. સમારોહ દરમિયાન 'જય માં આદ્યાશક્તિ'ની થીમ પર મલ્ટિમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહા આરતી યોજાશે. તમામ નવ રાત્રીએ રાજ્યના પ્રસિદ્ધ કલાકારો-ગાયકો મહોત્સવમાં ભાગ લેશે. આ ઉપરાંત નવરાત્રી મહોત્સવમાં થીમ પેવેલિયન, હસ્તકલા બજાર, ફૂડ સ્ટોલ, બાલ નગરી, વિવિધ થીમ આધારીત ગેટ વગેરે જેવા મુખ્ય આકર્ષણો પણ બનાવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે વર્ષ 2022માં વાઇબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં અંદાજે 11.52 લાખથી વધુ લોકોએ, જ્યારે 2023માં 12.71 લાખથી વધુ લોકોએ

મુલાકાત લીધી હતી. વાઇબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં આવતા મુલાકાતીઓની સંખ્યામાં છેલ્લા બે વર્ષમાં 11 ટકાનો ઉછાળો નોંધાયો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## Rupal Vardayini - GANDHINAGAR

નવરાત્રીના છેલ્લા દિવસે એટલે કે 11મી ઓક્ટોબરે રૂપાલના વરદાયીની માતાના મંદિર ખાતેથી નીકળનારી પરંપરાગત પલ્લીને લઇને તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. રાત્રે ૧૨ કલાકે વરદાયીની માતાની પલ્લી નીકળશે. જેને નિહાળવા માટે મોટી સંખ્યામાં દર્શનાર્થીઓને ધસારાને જોતા મંદિર ટ્રસ્ટ દ્વારા વિવિધ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવશે. આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે... મંદિરના ટ્રસ્ટી...

(બાઇટ- નીતિન પટેલ, ટ્રસ્ટી)

દાયકાઓ જુની રૂપાલની પલ્લીમાં ઘી ચઢાવવાની પરંપરા છે.

----------

## VADODARA BOXER

રાજ્યના ચાર ખેલાડીઓએ ઉઝબેકિસ્તાનના તાસ્કંદમાં 24 સપ્ટેમ્બરથી 29 સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલી બૉક્સિંગ વિશ્વકપમાં મહત્વની સિદ્ધી હાંસલ કરી છે. જેમાં વડદોરાના ખેલાડીઓએ ત્રણ રજત અને ત્રણ કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

પાર્થરાજ સિંહ જાહેજાની આ પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ હતી. તેમણે છોકરાઓની બે જુદી જુદી શ્રેણીમાં બે કાંસ્ય ચંદ્રક જીત્યા હતા. જ્યારે દિનકલ ગોરખાએ પણ તેમની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ રમતા રજત અને કાંસ્ય ચંદ્રક, જ્યારે ઇશિતિ ગાંધીએ તેમની ત્રીજી આંતરરાષ્ટ્રીય મેચમાં સિનિયર ફિમેલની બે જુદી જુદી શ્રેણીમાં બે રજત ચંદ્રક જીત્યા છે.

આ ચેમ્પિયશીપમાં ભારતમાઁથી 30 જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેમણે કુલ 7 સુવર્ણ, 10 રજત અને 18 કાંસ્ય ચંદ્રક સાથે દેશને ગૌરવ અપાવ્યું છે.

------------------------

## BHADARVI AMAS - S'NGR

રાજ્યભરમાં શ્રદ્ધાળુઓએ આજે ભાદરવી અમાસ એટલે કે સર્વપિતૃ અમાસે પિતૃઓને તર્પણ કર્યું હતું. પિતૃઓને શ્રાદ્ધ કરી તેમને મોક્ષની પ્રાપ્તિ થાય તે માટે આજના દિવસનું મહત્વ અનેરૂ હોય છે. વિવિધ જિલ્લાઓમાં ભાઇઓ અને બહેનો મંદિરે દર્શન કરતાં, પીપળે પાણી રેડતા, બ્રહ્મભોજન કરાવતાં તથા યથાશક્તિ દાન, પુણ્ય કરતાં નજરે જોવા મળ્યા હતા.

સુરેન્દ્રનગર જિલ્લાના દેદાદરા ગામમાં ભાદરવી અમાસના દિવસે લોકમેળો યોજાયો હતો. અને શ્રદ્ધાળુઓએ ગંગવાકુંડમાં સ્નાન કર્યું હતું.